જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા૧૩/૦૭/૨૦૧૯ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૭૧/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૦૯ લીટર દેશી દારૂ અને ૧૯૩ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૭૨/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૧૭૩/૧૯

**સાયબર ક્રાઈમ**ઃ પ્રવિણભાઇ ઠાકોરભાઇ સોલંકી (ઉ.વ.૬૫) (રહે. સંજય ટાવર શ્યામલ ચાર રસ્તા પાસે, સેટેલાઇટ) એ તા.૧૨/૭/૧૯ નારોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૫/૧૯ થી તા.૪/૬/૧૯ સુધીના સમયગાળા દરમ્યાન ઈન્ટરનેટના માધ્યમથી આરોપી બેંક એકાઉન્ટ ધારકો (૧) આઇ.ડી.એફ.સી બેંક એકાઉન્ટ ધારક નરેશ રાઠોડ (૨) સ્ટાન્ડર્ડ ચાર્ટડ બેંક એકાઉન્ટ ધારક રાકેશકુમાર (૩) એ.યુ સ્મોલ બેંક એકાઉન્ટ ધારક નરેશ રાઠોડ (૪) આઇ.ડી.એફ.સી બેંક એકાઉન્ટ ધારક રાકેશકુમાર (૫) ફેડરલ બેંક એકાઉન્ટ ધારક રોહીતરોય તેમજ અજાણી વ્યક્તિએ ખોટી ઓળખ આપી પ્રવિણભાઈના નેટ બેંન્કીગનો ટાટા કંપનીનો મોબાઇલ નંબર બંધ કરાવી નેટ બેંન્કીગનો યુઝર આઇ.ડી પાસવર્ડ મેળવી પ્રવિણભાઈની કૈલાશદર્શન હાઉસીંગ ડેવલોપમેન્ટ (ગુજરાત પ્રાઇવેટ લીમીટેડ) ના ડી.સી.બી બેંક વેજલપુર શાખાના ઓવર ડ્રાફ્ટ બેંક એકાઉન્ટ નંબરમાં બેનીફીશયરી એકાઉન્ટો એડ કરી આ એડ કરેલ બેનીફીશયરી નેટ બેંકીંગ મારફતે કુલ રૂપિયા ૫૨,૭૫,૦૦૦/- ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.વી.બારડ ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૧૭૪/૧૯

**શહેરકોટડા**ઃ અનીલકુમાર મદનગોપાલ ગુપ્તા (રહે. ઇન્ડિયા બુલ્સ, હરીભાઇના દવાખાના પાછળ સરસપુર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૭/૧૯ સાજના ૫/૦૦ થી રાતના ૮/૩૦ નારોજ પોતાના મકાનના દરવાજાની બાજુમાં વેન્ટીલેશનની બારી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી એક સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, સોનાની વીંટી નંગ-૨ કિમત.રૂપિયા ૨૦,૦૦૦/-, સોનાની બુટ્ટી નંગ-૨ કિમત રૂપિયા ૮૦૦૦/-, સોનાની ચેઈનના નાના આંકડા નંગ-૨ કિમત રૂપિયા ૬૦૦૦/-, મોબાઇલ ફોન કિમત રૂપિયા ૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૭,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ કરી ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી ચાવડા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૫/૧૯**

**કૃષ્ણનગરઃ** કિરણબહેન વા/ઓ પ્રકાશભાઇ પટેલ (રહે. એસ.ટી કોલોની એસ.આર.પી કેમપ પાછળ કૃષ્ણનગર) તા.૧૨/૭/૧૯ સાજના ૭/૧૫ વાગ્યાના સુમારે કૃષ્ણનગર ચાર રસ્તા પાસે આવેલ હનુમાનજીના મંદીર આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પુરૂષ કિરણબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કિરણબહેન પટેલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૬/૧૯**

**રીવરફ્રંટ વેસ્ટઃ** નારણભાઈ મણીલાલ મકવાણા (ઉ.વ.૬૫) (રહે. દ્વારિકાધીશનગર વિભાગ-૨ સતાધાર સોસાયટી રોડ હાટકેશ્વર અમરાઈવાડી) એ બિમારીથી કંટાળી તા.૧૧/૭/૧૯ રાતના ૯/૧૦ વાગ્યા પહેલા સરદારબ્રીજ ઉપરથી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હસમુખભાઈ મગનભાઈ ચલાવે છે.

**શહેરકોટડાઃ** રોશની ડો/ઑ પુનમભાઇ પટણી (ઉ.વ.૧૭) (રહે. અભિલાષા ફલેટ બોમ્બે હાઉસિગ સરસપુર બ્લોક નંબર ઇ-૧ પાછળના ભાગે છાપરામાં) એ અગમ્ય કારણસર તા.૧૨/૭/૧૯ સવારના ૧૦/૫૫ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી ચૌધરી ચલાવે છે.

**વાસણાઃ** રવિંદ્રસિંહ સતુભા વાઘેલા (ઉ.વ.૨૯) (રહે. અંબીકાપાર્ક સોસાયટી બેરેજ રોડ વાસણા) એ અગમ્ય કારણસર તા.૧૨/૭/૧૯ કલાક ૦૦/૩૦ થી કલાક ૪/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.સુર્યવંશી ચલાવે છે.

**એરપોર્ટઃ (૧)** ઉષાબહેન રાકેશભાઇ કહાર (રહે. સુભાષનગર નોબલનગર મહાકાળી હોટલ વણઝારા વાસ સામે કાચા છાપરામાં) એ અગમ્ય કારણસર તા.૧૧/૭/૧૯ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.બોડાત ચલાવે છે.

**એરપોર્ટઃ (૨)** કૈલાશભાઇ રમેશભાઇ ગુર્જર (રહે.ભીલવાસ રાધાસ્વામી સ્ટુડીયોની બાજુમા સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૭/૧૯ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદભાઇ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** મનુભાઇ દલાજી રબારી (ઉ.વ.૨૧) (રહે. હજારીમલ પારસમલ કિરાણા સ્ટોર ચમનપુરા મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૭/૧૯ બપોરના ૨/૪૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી નરેન્દ્રસિહ દલપતસિહ ચલાવે છે.

**ઓઢવઃ** ગીરીશભાઇ કચરાભાઇ પંડ્યા (ઉ.વ.૩૫) (રહે. સિધાર્થનગર કચ્છી પટેલની વાડીની બાજુમાં ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૨/૭/૧૯ કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાવજીભાઇ ભીમાજી ચલાવે છે.

**દાણીલીમડાઃ** અશરફભાઇ હાસમભાઇ ભરૂચી (ઉ.વ.૪૦) (રહે. હીના ફ્લેટ રસુલાબાદ શાહેઆલમ ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૭/૭/૧૯ કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે દાણીલીમડા ગુડલક બેરલ માર્કેટ ખાતે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને વા.સા.હોસ્પીતલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સોહાબખાન અઝીઝખાન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.